| | | |
|---|---|---|
| GJRJ070007732023 | **દાવો રજૂ થયા તારીખ** | **૧૪/૦૨/૨૦૨૩** |
| | **દાવો દાખલ તારીખ** | **૧૪/૦૨/૨૦૨૩** |
| | **ફેંસલ તારીખ** | **૩૦/૦૩/૨૦૨૬** |
| | **અવધિ** | **વર્ષ માસ દિવસ<br>૦૩ ૦૧ ૧૬** |

**<u>મહે.ઉપલેટાના પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.ઉપલેટા.</u>**

**<u>રેગ્યુલર દીવાની દાવા નં.૦૪/૨૦૨૩.</u>**

**<u>આંકઃ-૯૪</u>**

**વાદી :-** મીતેષ જયંતીલાલ ગજેરા
ઉં.વ.આ.૪૨, ધંધો-વેપાર,
રહે.જવાહર સોસાયટી, ઉપલેટા.

**<u>//વિરુદ્ધ//</u>**

**પ્રતિવાદી :-** ૧. ડાયાલાલ દામજી એન્ડ કું નામની
રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીના ભાગીદાર
ઠે."સાવલીયા નિવાસ", સગુન એપાર્ટમેન્ટની સામે,
પોરબંદર રોડ, ઉપલેટા

૨. ડાયાલાલ દામજી એન્ડ કું નામની
રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીના ભાગીદારો

૨/૧ ડાયાલાલ દેવજીભાઈ ગજેરા
ઉં.વ.આ.પુખ્ત, ધંધો-વેપાર.

૨/૨ જયસુખભાઈ ડાયાભાઈ ગજેરા
ઉં.વ.આ.પુખ્ત, ધંધો-વેપાર.

૨/૩ શાંતાબેન ડાયાભાઈ ગજેરા
ઉં.વ.આ.પુખ્ત, ધંધો-વેપાર.

૨/૪ જીનાબેન ડો/ઓ ડાયાભાઈ ગજેરા
ઉં.વ.આ.પુખ્ત, ધંધો-વેપાર.

બધા રહે. “સાવલીયા નિવાસ",
સગુન એપાર્ટમેન્ટની સામે, પોરબંદર રોડ,
ઉપલેટા.

<u>વાદી તરફે વિદ્વાન વકીલશ્રી આર.એચ.સુતરીયા.</u>
<u>પ્રતિવાદીઓ તરફે વિદ્વાન વકીલશ્રી એ.બી.જોષી.</u>

**<u>દાવોઃ–</u>** **<u>દાવો રૂ.૧૦,૭૧,૮૭૫/– અંકે રૂપિયા દસ લાખ એકોતેર હજાર આઠસો પંચોતેર પુરા પ્રતિવાદીઓ પાસેથી વસુલ મળવા બાબત.</u>**

## <u>//ચુકાદો//</u>

(૧) વાદીના દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી ઉપલેટાના રહીશ છે અને ફીઝીયોથેરાપીસ્ટ તરીકે ધંધો કરે છે. જયારે આ કામના પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૪ ના બધા ઉપલેટાના મુળ રહીશ છે અને પ્રતિવાદી નં.૨/૧ સાથે વાદીના પિતાશ્રી જયંતિલાલ શામજીભાઇ ગજેરાને મિત્ર કૌટુંબીક સંબંધો છે. પ્રતિવાદી નં. ૧ ઉપલેટા મુકામે આવેલી રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી છે અને પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૪ ના આ ભાગીદારી પેઢીના ભાગીદારો છે. તેની ઓફીસ ઉપલેટા શહેરમાં "સાવલિયા નિવાસ" સગુન એપાર્ટમેન્ટની સામે પોરબંદર રોડ ઉપર આવેલ છે તેમજ તે ભાગીદારી પેઢીની ઓફીસ–ગોડાઉન ઉપલેટા રાજકોટ નેશનલ હાઈવે રોડ ઉપર ભોલે હોટલની સામે ટોલનાકા પાસે ઉપલેટા તાલુકાના ડુમીયાણી ગામના સર્વે નંબરમાં આવેલ છે અને આ ભાગીદારી પેઢી અને તેના ભાગીદારો પ્લાસ્ટીકની આઈટમો આયાત કરીને તે વેચાણ કરવાનો તેમજ અનાજનો વેપાર કરે છે એટલે તેઓ પ્લાસ્ટીક અને અનાજનો વેપાર કરે છે. વાદી ફીઝીયોથેરાપીસ્ટ તરીકે ધંધો કરવા ઉપરાંત સાથે સાથે "ઓમ ડેવલોપર્સ'' ના નામથી ચાલતા બિલ્ડર્સ તરીકેના ધંધામાં પણ ભાગીદાર તરીકે ધંધો કરે છે તેમજ બંસીધર ટ્રેકટર એ

નામે જામનગર મુકામે ટ્રેકટરની એજન્સી ધરાવે છે અને જુદા–જુદા બાંધકામ કોન્ટ્રાકટ રાખીને ધંધો કરે છે તેથી વાદીને ઘણા વર્ષથી સારી આવક થયેલ છે અને તે આવક વાદીએ તેમના ઉપલેટા શહેરમાં આવેલ એકસીસ બેંક લી.ઉપલેટા શાખામાં બેંકમાં તેઓના ખાતા નં. ૯૧૬૦૧૦૦૬૪૦૬૬૯૧૭ ના ખાતામાં જમા કરાવે છે, તેમજ વાદી ઈન્કમટેક્ષનું રીટર્ન પણ નિયમિત રીતે ભરે છે. વાદી તથા આ ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે કૌટુંબીક સબંધો હોવાથી એકબીજા વચ્ચે અને એકબીજા ઉપર અરસપરસ વિશ્વાસ અને લાગણીના સબંધો સ્થાપિત થયેલા છે અને આ સબંધોને લીધે પ્રતિવાદીઓએ તેમની આ રજી.ભાગીદારી પેઢી "ડાયાલાલ દામજી એન્ડ કાં." ના ધંધા માટે જયારે જયારે નાણાકીય જરૂરીયાત ઉભી થયેલ ત્યારે ત્યારે વાદી માંગે ત્યારે પરત ચુકવી આપવાની શરતે નીચેની વિગતે વાદીએ પ્રતિવાદીઓને વગર વ્યાજે રકમ આપી નાણાકીય મદદ આ પેઢીને કરેલ છે .

૧. તા. ૧૬–૦૪–૨૦૧૮, રકમ રૂા. ૪,૦૦,૦૦૦/– અંકે રૂપિયા ચાર લાખ પુરા.

૨. તા. ૦૨–૦૯–૨૦૧૯, રકમ રૂા. ૫,૦૦,૦૦૦/– અંકે રૂપિયા પાંચ લાખ પુરા

કુલ રકમ રૂા. ૯,૦૦,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ પુરા.

ઉપર મુજબની રીતે વાદીની પ્રતિવાદીઓ પાસે લેણી નિકળતી રકમ રૂા. ૯,૦૦,૦૦૦/– અંકે રૂપિયા નવ લાખ પુરાના પાર્ટ પેમેન્ટ તરીકે પ્રતિવાદીઓ તરફથી તા. ૦૬–૦૪–૨૦૨૦ ના રોજ રૂા. ૭૫,૦૦૦/– અંકે રૂપિયા પંચોતેર હજાર પુરા તેમજ તા. ૧૦–૦૮–૨૦૨૦ ના રોજ રૂા. ૨,૦૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પુરા મળીને કુલ રૂા. ૨,૭૫,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પંચોતેર હજાર પુરા વાદીને પ્રતિવાદી ડાયાલાલ દામજી એન્ડ કાં. ના

કોર્પોરેશન બેંક ઉપલેટા શાખાના બેંક એકાઉન્ટમાંથી આર.ટી.જી.એસ.–નેફ્ટ દ્વારા વાદીને ચુકવેલ છે, ત્યારબાદ તા.૧૧–૦૨–૨૦૨૧ ના રોજ વાદીએ પ્રતિવાદીને રૂા. ૨,૫૦,૦૦૦/– અંકે રૂપિયા બે લાખ પચાસ હજાર પુરા વગર વ્યાજે હાથ ઉછીના આપતા પ્રતિવાદી પાસે વાદીના કુલ રૂા. ૮,૭૫,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર હજાર પુરા બાકી લેણા થાય છે. વાદીએ જે નાણાકીય મદદ આ રજીસ્ટર્ડ ભાગીદારી પેઢીને કરેલ છે, તે વાદીએ તેમના બેંકના એકાઉન્ટમાંથી આર.ટી.જી.એસ.(રકમ તબદીલ કરવાનો મોડ–પધ્ધતી) દ્વારા પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૪ ની રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી "ડાયાલાલ દામજી એન્ડ કાં." ના કોર્પોરેશન બેંક ઉપલેટાની શાખામાં આવેલ બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને આ ભાગીદારી પેઢીને આ રકમ વગર વ્યાજે હાથ ઉછીની આપેલ છે, જે કોર્પોરેશન બેંક યુનીયન બેંક ઓફ ઇન્ડીયામાં મર્જ થઈ ગયેલ છે. વાદીએ જે રકમ વગર વ્યાજે હાથ ઉછીની "ડાયાલાલ દામજી એન્ડ કું." ના ભાગીદારોને આપેલ છે તે રકમ રૂા. ૮,૭૫,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર હજાર પુરા તેઓની પાસે કાયદેસરના લેણા નીકળે છે તે રકમની વાદીએ તેઓ પાસે ગુજરાતી દિવાર મુજબ સંવત –૨૦૭૭ના દિવાળી ઉપર એટલે કે ૦૪–૧૧–૨૦૨૧ ના રોજ તેઓની લેણી રકમ પરત ચુકવી આપવા જણાવેલ ત્યારે તેઓએ થોડા દિવસોમાં ચુકવી આપીશું તેમ જણાવેલ ત્યારબાદ તે રકમની વાદીએ પ્રતિવાદીઓ પાસે અવારનવાર ઉઘરાણી કરેલ છે તેમ છતાં દરેક વખતે તેઓએ યેનકેન પ્રકારે ખોટા વાયદા કરી સમય પસાર કરેલ છે અને વાદીની લેણી થતી રકમ ચુકવેલ નથી તેથી વાદીએ તા.૨૩–૧૨–૨૦૨૨ ના રોજ પ્રતિવાદી પેઢી તથા તેના ભાગીદારોને તેમની ઓફીસના સરનામે રજીસ્ટર્ડ પોસ્ટથી નોટીસ મોકલેલ તે નોટીસ તે ભાગીદારી પેઢીની ઓફીસે વહીવટ સંભાળનાર મહેતાજી વિજય કે. હોતચંદાણીએ સંભાળી લીધેલ છે એટલે તેઓને

નોટીસ બજી ગયેલ છે પરંતુ તેઓએ તા. ૨૬–૧૨–૨૦૨૨ ના પત્રથી એડવોકેટને આ નોટીસ એમ જણાવીને પરત મોકલેલ કે "આપના તરફથી રજીસ્ટર્ડ એ.ડી.પોસ્ટથી કવર મળેલ છે જેમાં આપનું સરનામું બતાવેલ યોગ્ય છે આ સરનામે જણાવેલ કોઈ આવી પેઢી આવેલ નથી" વિગેરે હકીકત જણાવીને આ રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી મોકલેલ કવર પરત મોકલેલ છે, તેથી આ કામના પ્રતિવાદીઓ નોટીસમાં લખી હકીકત વિગતવાર વાંચે તેવા હેતુથી તેઓની આ પેઢીની ઓફીસ– ગોડાઉન જે ઉપલેટા રાજકોટ નેશનલ હાઈવે રોડ ઉપર ભોલે હોટલની સામે ટોલ નાકા પાસે આવેલ છે, તે સરનામે તા. ૩૦–૧૨–૨૦૨૨ ના રોજ રજીસ્ટર્ડ પોસ્ટથી નોટીસ મોકલેલ તે પ્રતિવાદી નં. ૧ નાને મોકલેલ રજીસ્ટર્ડ પોસ્ટના કવરમાં આ નામની વ્યકિત ડુમીયાણીથી ચાલ્યા ગયેલ છે તેવા શેરા સાથે તેમજ પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૪ નાને મોકલેલ રજીસ્ટર્ડ એ.ડી. પોસ્ટથી મોકલેલ કવરમાં પણ આ નામની વ્યકિત ડુમીયાણીથી ચાલ્યા ગયેલ છે તેવા શેરા સાથે પરત આવેલ છે, પરંતુ તે જગ્યાએ ભાર્ગવ વ્યાસ નામની વ્યકિત ઓફિસ–ગોડાઉને બેસીને મહેતાજી તરીકે ઓફીસ ગોડાઉનનો વહિવટ સંભાળતી હોવા છતાં જાણી જોઈને આ રજીસ્ટર્ડ પોસ્ટથી મોકલેલ નોટીસ લીધેલ ન હોય તેમ જણાય છે, ત્યારબાદ પ્રતિવાદી નં. ૨/૧ થી ૨/૪ નાને તેઓ વાંચે એટલા માટે તેમના મોબાઈલમાં વોટસઅપથી તા. ૦૩–૦૧–૨૦૨૩ ના રોજ આ નોટીસ મોકલેલ જે તેઓએ જોઈ લીધેલ છે એટલે પ્રતિવાદીઓ પાસે રૂબરૂમાં મૌખીક તેમજ અવારનવાર ઉઘરાણી કરવા છતાં તેમજ તા.૨૩–૧૨–૨૦૨૨ ના રોજની અને તા. ૩૦–૧૨–૨૦૨૨ ના રોજની તેમજ વોટસઅપથી નોટીસ મોકલીને વાદીની લેણી રકમ ચુકવી આપવાનું જણાવવા છતાં પ્રતિવાદીઓએ નોટીસનો કોઈ જવાબ આપેલ નથી કે કાંઈ રકમ ચુકવેલ નથી, તેથી લેણી રકમ પ્રતિવાદીઓ પાસેથી વસુલ કરવા માટે આ દાવો કરવાની જરૂર પડી છે. પ્રતિવાદીઓ પાસેથી ગુજરાતી

દિવાર મુજબ સવંત ૨૦૭૭ ના દિવાળી ઉપર એટલે કે તા. ૦૪–૧૧–૨૦૨૧ ના રોજ વાદીની લેણી રકમ રૂા.૮,૭૫,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર પુરા ચુકવી આપવા માટે જણાવેલ હોવા છતાં ચુકવેલ નથી, તેથી રોકાતી રકમની નુકશાની પેટે વેપારી રીત–રિવાજ મુજબ રોકાતી રૂા.૮,૭૫,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર હજાર ઉપર વાર્ષિક ૧૮ % લેખે તા.૦૪–૧૧–૨૦૨૧ થી તા.૦૪–૦૨–૨૦૨૩ સુધીના માસ–૧૫ ના વ્યાજની થતી રકમ રૂા.૧,૯૬,૮૭૫/– અંકે રૂપિયા એક લાખ છનું હજાર આઠસો પંચોતેર પુરા થાય છે, તે રકમ પ્રતિવાદીઓ પાસે મેળવવા વાદી કાયદેસર રીતે હકકદાર છે. વાદીને પ્રતિવાદીઓ પાસે મુદલના રૂા.૮,૭૫,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર હજાર પુરા તથા રોકાતી રકમની નુકસાની પેટેના વ્યાજના રૂા.૧,૯૬,૮૭૫/– અંકે રૂપિયા એક લાખ છનું હજાર આઠસો પંચોતેર પુરા મળીને કુલ રૂા.૧૦,૭૧,૮૭૫/– અંકે રૂપિયા દસ લાખ એકોતેર હજાર આઠસો પંચોતેર પુરા વાદીના પ્રતિવાદીઓ પાસે લેણાં થાય છે જે પ્રતિવાદીઓ પાસેથી મેળવવા વાદી કાયદેસર રીતે હકકદાર છે અને તે વસુલ લેવા માટે આ દાવો કરવામાં આવેલ છે.

<u>વાદીએ સદરહુ દાવો લાવી દાદ માંગેલ છે કે :–</u>

(૧) દાવા અરજી પારા–૮ માં જણાવ્યા મુજબના વાદીના પ્રતિવાદીઓ પાસે લેણાં નીકળતા મુદલના રૂ.૮,૭૫,૦૦૦/– અંકે રૂપિયા આઠ લાખ પંચોતેર હજાર પુરા તેમજ નુકશાની બદલ વ્યાજના રૂ.૧,૯૬,૮૭૫/– અંકે રૂપિયા એક લાખ છનું હજાર આઠસો પંચોતેર પુરા મળીને કુલ રૂ.૧૦,૭૧,૮૭૫/– અંકે રૂપિયા દસ લાખ એકોતેર હજાર આઠસો પંચોતેર પુરા આ દાવો દાખલ કર્યા તારીખથી વાર્ષિક ૧૮% ના ચડતા વ્યાજ સહિત આ કામના પ્રતિવાદી નં.૧ રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૪ નાની હરેક

પ્રકારની જાત તથા મિલકતથી સંયુકત રીતે તેમજ વિભકત રીતે વાદીને ચુકવી આપે તેવુ હુકમનામુ પ્રતિવાદીઓ વિરૂદ્ધ અને વાદીઓના લાભમાં કરી આપવા નામ.કોર્ટને નમ્ર અરજ કરેલ છે.

(૨) આ દાવાનુ તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૩) આ દાવાથી અપાવી શકાય તેવી હરકોઇ દાદ અપાવવા નમ્ર અરજ કરેલ છે.

(૨) ત્યારબાદ આ કામે પ્રતિવાદીને દાવાનું સમન્સ બજી જતાં પ્રતિવાદીઓ તેમના વિદ્વાન વકીલશ્રી મારફત હાજર થઈ આંક–૨૪ થી દાવા અરજીનો જવાબ આપેલ છે. જેમાં તેઓએ વાદીના દાવા અરજીની હકીકતોનો મહદઅંશે ઈન્કાર કરેલ છે. અને વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદીઓ ઉપલેટા મુકામે પ્લાસ્ટીકના રો–મટીરીયલનો વ્યવસાય કરે છે તથા અમેરીકા મુકામે રહેતા હોય અને તેવી પરિસ્થિતિનો લાભ લઈ વાદી દ્ધારા પ્રતિવાદીઓનુ ખોટુ સરનામુ રજુ કરી હાલનો દાવો દાખલ કરેલ છે. આ કામના વાદી દ્ધારા પ્રતિવાદી પેઢી પાસેથી કરેલ રો–મટીરીયલની ખરીદી પેટેની રકમ પ્રતિવાદીના ખાતામાં જમા કરાવેલ હતી અને આવા રો–મટીરીયલ ખરીદી પરત્વે ચુકવેલ રકમને હાલના દાવાનો બેઝ બનાવી જે દાવો દાખલ છે તે દાવો ખોટો, બોગસ અને ગેરકાયદેસરનો હોયને રદ થવા પાત્ર છે. વધુમાં, જયારે વાદીનો દાવો પ્રાથમિક દ્રષ્ટિએ જ સમય મર્યાદા બહારનો હોય હાલનો દાવો ટકવાપાત્ર નથી. વાદીનું કોઇ પણ પ્રકારનુ કાયદેસરનુ લેણુ પ્રતિવાદી પાસેથી નહી હોયને વાદીની દાવા અરજીની તમામ હકીકત સદંતર ખોટી, બોગસ અને ઉપજાવી કાઢેલ હોય જેથી વાદીનો દાવો ખર્ચ સહીત રદ થવા અરજ કરેલ છે.

(૩) સદરહુ કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.

**મૌખિક પુરાવાઓ.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | વાદી મીતેષ જયંતીલાલ ગજેરાની સરતપાસનું સોગંદનામું. | ૩૨ |
| ૨. | સાહેદ આશીષ નલીનભાઇ જોષીની જુબાની | ૮૬ |
| ૩. | સાહેદ કુશ દીપકભાઇ દાવડાની જુબાની | ૮૭ |
| ૪. | સાહેદ ગોપાલદાસ રવજીભાઇ વેકરીયાનુ સરતપાસનુ સોંગદનામુ | ૮૮ |
| ૫. | સાહેદ પરેશકુમાર રાજશીભાઇ હુંબલની સરતપાસનું સોંગદનામુ | ૯૦ |

**દસ્તાવેજી પુરાવાઓ.**

| ક્રમ | વિગત | તારીખ | આંક |
|---|---|---|---|
| ૧ | વાદીના એકસીસ બેન્ક ઉપલેટા શાખાના તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીના બેંક એકાઉન્ટના બેંક સ્ટેટમેન્ટની નકલ | – | ૩૪ |
| ૨ | ઈન્કમ રિટર્ન એકનોલેજમેન્ટ વર્ષ:૨૦૨૦–૨૧ | – | ૩૫ |
| ૩ | ઈન્કમ રિટર્ન એકનોલેજમેન્ટ વર્ષ:૨૦૨૧–૨૨ | – | ૩૬ |
| ૪ | ઈન્કમ રિટર્ન એકનોલેજમેન્ટ વર્ષ:૨૦૨૨–૨૩ | – | ૩૭ |
| ૫ | વાદી તરફથી પ્રતિવાદીઓને આપવામાં આવેલ નોટીસની સ્થળપ્રત | ૨૩/૧૨/૨૦૨૨ | ૩૮ |
| ૬ | પ્રતિવાદી નં.૧ ને નોટીસ | ૨૩/૧૨/૨૦૨૨ | ૩૯ |

| | | | |
|---|---|---|---|
| | રજી.એડી. કર્યાની પહોંચ | | |
| ૭ | પ્રતિવાદી નં.૨/૧ ને નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૨૩/૧૨/૨૦૨૨ | ૪૦ |
| ૮ | પ્રતિવાદી નં.૨/૨ ને નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૨૩/૧૨/૨૦૨૨ | ૪૧ |
| ૯ | પ્રતિવાદી નં.૨/૩ ને નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૨૩/૧૨/૨૦૨૨ | ૪૨ |
| ૧૦ | પ્રતિવાદી નં.૨/૪ ને નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૨૩/૧૨/૨૦૨૨ | ૪૩ |
| ૧૧ | પ્રતિવાદી નં.૧ ને નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૬/૧૨/૨૦૨૨ | ૪૪ |
| ૧૨ | પ્રતિવાદી નં.૨/૧ ને નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૬/૧૨/૨૦૨૨ | ૪૫ |
| ૧૩ | પ્રતિવાદી નં.૨/૨ ને નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૬/૧૨/૨૦૨૨ | ૪૬ |
| ૧૪ | પ્રતિવાદી નં.૨/૩ ને નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૬/૧૨/૨૦૨૨ | ૪૭ |
| ૧૫ | પ્રતિવાદી નં.૨/૪ ને નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ | ૨૬/૧૨/૨૦૨૨ | ૪૮ |
| ૧૬ | પ્રતિવાદીઓના મહેતાજી વહીવટકર્તા વિજય કે.હોતચંદાણી તરફથી વાદીના વકિલશ્રીને લખેલ પત્ર | ૨૬/૧૨/૨૦૨૨ | ૪૯ |
| ૧૭ | પ્રતિવાદી નં.૧ ને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજની નોટીસનુ પરત ફરેલ બંધ કવર | ૨૬/૧૨/૨૦૨૨ | ૫૦ |
| ૧૮ | પ્રતિવાદી નં.૨/૧ ને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજની | ૨૬/૧૨/૨૦૨૨ | ૫૧ |

| | | | |
|---|---|---|---|
| | નોટીસનુ પરત ફરેલ બંધ કવર | | |
| ૧૯ | પ્રતિવાદી નં.૨/૨ ને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજની નોટીસનુ પરત ફરેલ બંધ કવર | ૨૬/૧૨/૨૦૨૨ | ૫૨ |
| ૨૦ | પ્રતિવાદી નં.૨/૩ ને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજની નોટીસનુ પરત ફરેલ બંધ કવર | ૨૬/૧૨/૨૦૨૨ | ૫૩ |
| ૨૧ | પ્રતિવાદી નં.૨/૪ ને તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજની નોટીસનુ પરત ફરેલ બંધ કવર | ૨૬/૧૨/૨૦૨૨ | ૫૪ |
| ૨૨ | પ્રતિવાદીઓની ભાગીદારી પેઢીના ઓફીસ–ગોડાઉનના સરનામે મોકલેલ નોટીસની ઓફીસ કોપી | ૩૦/૧૨/૨૦૨૨ | ૫૫ |
| ૨૩ | પ્રતિવાદી નં.૧ ને ઓફીસ–ગોડાઉનના સરનામે નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૩૦/૧૨/૨૦૨૨ | ૫૬ |
| ૨૪ | પ્રતિવાદી નં.૨/૧ ને ઓફીસ–ગોડાઉનના સરનામે નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૩૦/૧૨/૨૦૨૨ | ૫૭ |
| ૨૫ | પ્રતિવાદી નં.૨/૨ ને ઓફીસ–ગોડાઉનના સરનામે નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૩૦/૧૨/૨૦૨૨ | ૫૮ |
| ૨૬ | પ્રતિવાદી નં.૨/૩ ને ઓફીસ–ગોડાઉનના સરનામે નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૩૦/૧૨/૨૦૨૨ | ૫૯ |
| ૨૭ | પ્રતિવાદી નં.૨/૪ ને ઓફીસ–ગોડાઉનના સરનામે નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ | ૩૦/૧૨/૨૦૨૨ | ૬૦ |
| ૨૮ | પ્રતિવાદી નં.૧ ને મોકલેલ રજી.એડી. કર્યાનુ નોટીસ બંધ કવર | ૩૧/૧૨/૨૦૨૨ | ૬૧ |

| | | | |
|---|---|---|---|
| ૨૯ | પ્રતિવાદી નં.૨/૧ ને મોકલેલ રજી.એડી. કર્યાનુ નોટીસ બંધ કવર | ૩૧/૧૨/૨૦૨૨ | ૬૨ |
| ૩૦ | પ્રતિવાદી નં.૨/૨ ને મોકલેલ રજી.એડી. કર્યાનુ નોટીસ બંધ કવર | ૩૧/૧૨/૨૦૨૨ | ૬૩ |
| ૩૧ | પ્રતિવાદી નં.૨/૩ ને મોકલેલ રજી.એડી. કર્યાનુ નોટીસ બંધ કવર | ૩૧/૧૨/૨૦૨૨ | ૬૪ |
| ૩૨ | પ્રતિવાદી નં.૨/૪ ને મોકલેલ રજી.એડી. કર્યાનુ નોટીસ બંધ કવર | ૩૧/૧૨/૨૦૨૨ | ૬૫ |
| ૩૩ | ડાયાલાલ દેવજીભાઇ ગજેરાને વોટસઅપથી નોટીસની ઓફીસ કોપી મોકલેલ અને તે નોટીસ જોય લીધા અંગેની વોટસઅપના સ્ક્રીનશોટની ફોટો કોપી | ૦૩/૦૧/૨૦૨૩ | ૬૬ |
| ૩૪ | જયસુખભાઇ ડાયાભાઇ ગજેરાને વોટસઅપથી નોટીસની ઓફીસ કોપી મોકલેલ અને તે નોટીસ જોય લીધા અંગેની વોટસઅપના સ્ક્રીનશોટની ફોટો કોપી | ૦૩/૦૧/૨૦૨૩ | ૬૭ |
| ૩૫ | ડાયાલાલ દામજી એન્ડ કુંના મહેતાજી વહીવટ કર્તા વિજય કેશવાણી હોતચંદાણીને ને વોટસઅપથી નોટીસની ઓફીસ કોપી મોકલેલ અને તે નોટીસ જોય લીધા અંગેની વોટસઅપના સ્ક્રીનશોટની ફોટો કોપી | ૦૩/૦૧/૨૦૨૩ | ૬૮ |
| ૩૬ | ડાયાલાલ દામજી એન્ડ કુંના મહેતાજી વહીવટ કર્તા ભાર્ગવ વ્યાસને ને વોટસઅપથી નોટીસની ઓફીસ કોપી મોકલેલ | ૦૩/૦૧/૨૦૨૩ | ૬૯ |

| | | | |
|---|---|---|---|
| | અને તે નોટીસ જોય લીધા અંગેની વોટસઅપના સ્ક્રીનશોટની ફોટો કોપી | | |
| ૩૭ | પ્રતિવાદીઓએ નોટીસની પી.ડી.એફ. ફાઇલ જોઇ લીધા અંગેના વોટસઅપના સ્ક્રીનશોટની ફોટો કોપી | ૦૩/૦૧/૨૦૨૩ | ૭૦ |
| ૩૮ | વાદીના એકસીસ બેન્ક લી.ઉપલેટા શાખાના ખાતાના તા.૦૧/૦૪/૨૦૧૭ થી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીના બેંક એકાઉન્ટના બેંક સ્ટેટમેન્ટ | – | ૭૧ |
| ૩૯ | વાદીના એકસીસ બેન્ક લી.ઉપલેટા શાખાના ખાતાના તા.૦૧/૦૪/૨૦૨૦ થી તા.૩૧/૦૩/૨૦૨૨ સુધીના બેંક એકાઉન્ટના બેંક સ્ટેટમેન્ટ | – | ૭૨ |
| ૪૦ | ઇન્કમ ટેક્ષ રીટર્ન એકનોલેઝેમેન્ટ વર્ષ:૨૦૨૦–૨૧ | – | ૭૩ |
| ૪૧ | ઇન્કમ ટેક્ષ રીટર્ન એકનોલેઝેમેન્ટ વર્ષ:૨૦૨૧–૨૨ | – | ૭૪ |
| ૪૨ | ઇન્કમ ટેક્ષ રીટર્ન એકનોલેઝેમેન્ટ વર્ષ:૨૦૨૨–૨૩ | – | ૭૫ |
| ૪૩ | વાદીના સીકીમ મણીપાલ યુનીવર્સીટી ઓફ હેલ્થ મેડીકલ ટેકનોલોજી સાયન્સનુ વાદીનુ બેચલ ઓફ ફીઝીયો થેરાપીનુ સર્ટી. | ૩૦/૦૫/૨૦૦૯ | ૭૬ |
| ૪૪ | “ઓમ ડેવલોપર્સ" ના નામની પેઢીનો ભાગીદીરી દસ્તાવેજ | ૨૫/૧૧/૨૦૧૧ | ૭૭ |
| ૪૫ | “ઉદય ડેવલોપર્સ" ના નામની પેઢીનો ભાગીદારી દસ્તાવેજ | ૧૪/૧૧/૨૦૧૪ | ૭૮ |

| | | | |
|---|---|---|---|
| ૪૬ | બાંધકામનો કોન્ટ્રાકનો કરાર | ૧૪/૦૫/૨૦૧૫ | ૭૯ |
| ૪૭ | "બંસીધર ટ્રેકટર" ના નામની પેઢીનો ભાગીદારી દસ્તાવેજ | ૦૮/૦૪/૨૦૧૭ | ૮૦ |
| ૪૮ | કલમ ૬૬(બી) નુ સર્ટીફીકેટ | – | ૮૧ |

સદરહુ કામે વાદી તરફે આંક–૯૧ થી ક્લોઝિંગ પુરસીસ રજૂ થયેલ છે.

(૪) ત્યાર બાદ આ કામના પ્રતિવાદી તરફે સદર કામે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો ન હોય આંક–૯૨ થી કલોઝિંગ પુરસીસ રજુ કરેલ છે.

(૫) સદરહુ કામે દાવાના નિર્ણાયાર્થે આંક–૨૮ થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

1. Whether the plaintiff proves that he is a partner in "Om Developers" and also has a tractor agency in the name of "Bansidhar Tractor" along with practising physiotherapy, as has been described in paragraph no. 3 of the plaint.
2. Whether the plaintiff proves that the plaintiff has paid the amount totalling to Rs. 8,75,000/- to the defendants as a hand loan as has been described in paragraph no. 4 of the plaint.
3. Whether the plaintiff proves that notice dated 23/12/2022 was sent to the defendants in context of the payment of due amount to the plaintiff and the same was served on the defendants as has been described in paragraph no. 6 of the plaint.
4. Whether the defendants prove that the present suit is barrred by law of limitation ?

5. Whether the plaintiff is entitled to get interest. If yes, at what rate?
6. Whether the plaintiff is entitled to get the relief as prayed for.
7. What order and decree?

(૫.૧) ઉપરોક્ત મુદ્દાઓના ન્યાયી નિર્ણયો નીચે મુજબ છે.

૧. અંશતઃ હકારમાં
૨. અશંતઃ હકારમાં
૩. હકારમાં
૪. નકારમાં
૫. હકારમાં, ૧૦ ટકા વાર્ષિક
૬. અશંતઃ હકારમાં
૭. આખરી હુકમ મુજબ.

(૬) ત્યાર બાદ વાદી તરફે મૌખિક દલીલ કરવામાં આવેલ છે. તથા તેઓએ દાવા અરજી મુજબની દલીલ કરેલ છે. તેઓની મુખ્યત્વે એવી રજુઆત છે કે, વાદીપક્ષે મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓના આધારે એવી હકીકત પ્રસ્થાપિત કરેલ છે કે, દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ તેઓએ પ્રતિવાદીઓને હાથ ઉછીની આપેલ તથા સદર હકીકત રજુ વાદીના બેન્ક સ્ટેટમેન્ટ પરથી પુરવાર થાય છે તથા પ્રતિવાદી પક્ષ તે વિરૂદ્ધની કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તથા પ્રતિવાદીઓએ વાદીને ઘણા લાંબા સમયથી માંગણી કરવા છતાં મુદ્દ્લ રકમ પરત કરેલ ન હોય વાદી દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ ૧૮ % ના ચડતા વ્યાજ લેખે મેળવવા હક્કદાર બને છે. વધુમાં, વિ.વ.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના કામે પ્રતિવાદીએ બચાવ લીધેલ છે કે, હાલનુ દેવુ મુદત બહારનુ દેવુ છે તથા દાવાને લીમીટેશન એકટની જોગવાઇનો બાધ નડે છે, પરંતુ, હાલના કામે વાદી તથા પ્રતિવાદી વચ્ચેનો તમામ વ્યવહાર એક કન્ટીન્યુસ વ્યવહાર છે તથા લીમીટેશન એકટની કલમ

૧૯ મુજબ હાલનો દાવો સમયમર્યાદામાં છે. આથી, વિ.વ.શ્રીએ દાવા અરજીના પેરા નં.૯ માં માંગ્યા મુજબની દાદ મંજુર કરી વાદીના લાભમાં હુકમનામુ કરવા અરજ કરેલ છે. વધુમાં, વાદી તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના નામ. સુપ્રીમ કોર્ટના ચુકાદા પર આધાર રાખેલ છે, જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

- *ANITA RANI* V/S *ASHOK KUMAR & ORS*. [CIVIL APPEAL NOS. 7750-7751 OF 2021, HON'BLE SUPREME COURT]

**(૬.૧)** ત્યાર બાદ પ્રતિવાદી તરફે આંક–૯૩ થી લેખીત દલીલ રજુ કરેલ છે જે ધ્યાનપુર્વક વંચાણે લેવામાં આવેલ છે. જેમાં તેઓએ આંક–૨૪ થી રજુ દાવા અરજીના વાંધા જવાબ મુજબની રજુઆત કરેલ છે. તથા તેઓએ મુખ્યત્વે એવી રજુઆત કરેલ છે કે, હાલનો દાવો વાદી દ્વારા પ્રતિવાદી પાસેથી કોઇ પણ રકમ લેણી નહી નીકળતી હોવા છતાં તથા પ્રતિવાદી અમેરિકા મુકામે રહેતા હોવા છતાં તથા તેઓને ખોટા સરનામા કોર્ટ સમક્ષ જણાવી પ્રતિવાદી પાસેથી ખોટી રીતે પૈસા પડાવવાના એકમાત્ર બદઈરાદાથી ખોટી હકીકત વાળો ખોટો દાવો કરેલ છે. તથા વાદી દ્વારા મુદ્દા નં.૧,૨,૩ તેઓની તરફેણમાં સાબીત કરવામાં આવેલ ન હોય તથા વાદીના કથન મુજબ કહેવાતી રકમ પ્રતિવાદીને હાથ ઉછીની આપેલ હોવાનો આક્ષેપ હોય ત્યારે હાલનો દાવો મંજુર થઇ શકે નહી. વધુમાં, ઇમ્પોર્ટન્ટલી, વાદીનો હાલનો દાવો જોવામાં આવે તો વાદી દ્વારા દાવા અરજી પારા–૪ માં જણાવ્યા મુજબ રૂા.૪,૦૦,૦૦૦/–તા: ૧૬/૦૪/૨૦૧૮ ના રોજ તથા રકમ રૂા.૫,૦૦,૦૦૦/– તાઃ ૦૨/૦૯/૨૦૧૯ તથા રકમ રૂા.૨,૫૦,૦૦૦/– તાઃ ૧૧/૦૨/૨૦૨૧ ના રોજના આપેલ હોયને આવી રકમ પરત મેળવવા અંગેનો દાવો દાખલ કરેલ છે, પરંતુ હાથ ઉછીની આપેલ રકમ પરત મેળવવા માટે સમયમર્યાદા અધીનીયમ અન્વયે અનુચ્છેદ–૧૯ માં જોગવાઈ મુજબ સ્યુટ ફોર

રિકવરી ઓફ મની દાખલ કરવાની સમય મર્યાદા રકમ જયારથી ઉછીની આપવામાં આવી હોય ત્યારથી ત્રણ વર્ષની હોય છે. આથી, હાલનો દાવો સમયમર્યાદાના કાયદાથી બાધિત હોય ટકવાપાત્ર નથી. વધુમાં, મુદ્દા નં.પ અન્વયે વાદીને જયારે લેણી રકમ પ્રતિવાદી પાસેથી લેવાની નીકળતી ન હોય ત્યારે વ્યાજ મળવા પાત્ર થાય નહી. તથા વાદી ભારતીય પુરાવા અધિનિયમની કલમ ૧૦૧ મુજબ પોતાનો દાવો પુરવાર કરી શકેલ ન હોય તથા લેખીત દલીલમાં જણાવ્યા મુજબ વાદીની દાવા અરજી તથા વાદીની ઉલટ તપાસમાં રહેલ વિરોધાભાસ ધ્યાને લઈ હાલનો દાવો રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદી તરફે વિ.વ.શ્રીએ પોતાની દલીલના સમર્થનમાં નીચે મુજબના વિવિધ નામ. હાઇકોર્ટસના ચુકાદા પર આધાર રાખેલ છે, જે માનસહ વંચાણે લેવામાં આવેલ છે.

- *RENGUTU NAG* VS. *STATE OF ODISHA* [LAWS(ORI)-2021-7-3]
- *SURENDRA COMMERCIAL SYNDICATE PVT LTD* VS. *PAWAN KUMAR* [LAWS(CAL)-2016-3-146]
- *SHITAL PRASHAD KALRA* VS. *NARESH BAHADUR AND OTHRS* [LAWS (DLH)-2018-4-155]
- *DEBT RECOVERTY APPELLATE TRIBUNAL* [LAWS(DR)-2008-1-1]
- SEKHAR BANIK V/S KESHAB BANIK [LAWS(TRIP)-2016-1-13]

**<u>//મુદ્દાના નિર્ણયના કારણો//</u>**

(૭) પુરાવા ધારાની કલમ–૧૦૧ તથા ૧૦૨ના પ્રબંધો મુજબ કાયદાનો પ્રસ્થાપિત સિદ્ધાંત એવો છે કે, પુરાવાનો ભાર હંમેશા હકારાત્મક

હોય છે જેથી જે હકીકત તરીકે જાહેર કરનાર ઉપર પુરાવાનો ભાર રહેલો છે તેનો ઈનકાર કરનાર પર નહિ. જેથી પ્રારંભિક સાબિતીનો ભાર વાદી ઉપર રહેલો છે કે, જેથી અદાલત સમક્ષ એવી હકીકત પુરવાર થાય કે, વાદીએ જણાવેલ હકીકત કાયદેસર રીતે યોગ્ય છે ત્યારે અદાલત વાદીપક્ષની તરફેણમાં હુકમનામું કરવા વિચારણા કરી શકે છે ત્યારબાદ પુરાવાની જવાબદારી પ્રતિવાદીપક્ષના શીરે રહે છે. જેથી પ્રતિવાદીપક્ષની નબળાઈ કે દાખવેલ બેદરકારીથી વાદીપક્ષ પરનો પુરાવાનો બોજો ક્યારેય ખસતો નથી. ઉપરોક્ત સિદ્ધાંત/કાયદાની પરિસ્થિતિ ધ્યાને લઈ હાલના કેસમાં રજૂ પુરાવાની ચર્ચા/મુલ્યાંકન કરવામાં આવેલ છે.

**<u>//મુદ્દા નં.૧ //</u>**

(૮) સદરહુ કામે મુદ્દા નં.૧ સાબીત કરવાની જવાબદારી વાદીપક્ષ પર રહેલી છે. જે સાબીત કરવા માટે વાદીપક્ષ દ્વારા આંક–૩૨ થી વાદીનું સરતપાસનુ સોંગદનામુ રજુ થયેલ છે જેમાં વાદીએ દાવા અરજીમાં જણાવેલ હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે, તથા જણાવેલ છે કે, “અમો વાદી ફીઝીયોથેરાપીસ્ટ તરીકે ધંધો કરવા ઉપરાંત સાથે સાથે 'ઓમ ડેવલોપર્સ' ના નામથી ચાલતા બિલ્ડર્સ તરીકેના ધંધામાં પણ ભાગીદાર તરીકે ધંધો કરીએ છીએ...તેમજ બંસીધર ટ્રેકટરએ નામે જામનગર મુકામે ટ્રેકટરની એજન્સી ધરાવીએ છીએ અને જુદા જુદા બાંધકામ કોન્ટ્રાકટ રાખીને ધંધો કરીએ કરીએ છીએ". તથા વાદી દ્વારા આંક–૯૦ થી સાહેદ પરેશકુમાર રાજશીભાઇ હુંબલનુ સરતપાસ સોંગદનામુ રજુ થયેલ છે.જેમાં સરતપાસમાં તેઓએ જણાવેલ છે કે, “હું ઉપલેટા મુકામે રહુ છું અને આ કામના વાદી મીતેષ જયંતીલાલ ગજેરાને ઓળખુ છુ અને તેઓ 'ઓમ ડેવલોપર્સ' ના નામની ભાગીદારી પેઢીમાં અમારી સાથે ભાગીદાર તરીકે આવેલ છે અને તેમજ તેઓ તેમની સાથે “બંસીધર ટ્રેકટર” અને “ઉદય ડેવલોપર્સ” ના નામથી ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે આવેલ અને તેઓ હાલ “બંસીધર ટ્રેકટર અને

“ઉદય ડેવલોપર્સ” માંથી છુટા થઇ ગયેલ છે". તથા હાલના કામે આંક–૭૭ થી "ઓમ ડેવલોપર્સ"ના ભાગીદારી દસ્તાવેજની ટ્રુ–કોપી, તથા આંક–૭૮ થી "ઉદય ડેવલોપર્સ" ના ભાગીદારી દસ્તાવેજની ટ્રુ–કોપી તથા આંક–૭૯ થી બાંધકામનો કોન્ટ્રાકટનો કરારની ટ્રુ–કોપી તથા આંક–૮૦ થી "બંસીધર ટ્રેકટર" ના ભાગીદારી દસ્તાવેજની ટ્રુ–કોપી તથા આંક–૭૬ થી સીક્કીમ મણીપાલ યુનિવર્સિટી ઓફ હેલ્થ મેડીકલ ટેકનોલોજી સાયન્સનું વાદીનું બેચરલ ઓફ ફીઝયોથીરાપીનુ ડિગ્રી સર્ટીફીકેટની ટ્રુ–કોપી રજુ થયેલ છે. તથા આંક–૭૭, ૭૮ તથા ૮૦ થી રજુ દસ્તાવેજ ધ્યાને લેતાં, સદર ભાગીદારી દસ્તાવેજમાં હાલના વાદીનુ નામ ભાગીદાર તરીકે દર્શાવેલ હોવાનુ જણાય છે. તથા સદર દસ્તાવેજો અનરજીસ્ટર્ડ દસ્તાવેજ છે તથા આંક–૭૮ તથા ૮૦ વાળા દસ્તાવેજો નોટરાઇઝડ દસ્તાવેજ છે. તથા આંક–૭૯ થી રજુ બાંધકામનો કોન્ટ્રાકટ ધ્યાને લેતાં, સદર કોન્ટ્રાકટમાં લખી આપનાર તરીકે મીતેશભાઇ ગજેરા એટલે કે હાલના વાદીનુ નામ છે. આમ, તે પરથી વાદી કન્સ્ટ્રકશન વર્કનુ કામકાજ કરતા હોય તેમ માની શકાય. તથા આંક–૭૬ થી રજુ ડિગ્રી સર્ટીફીકેટ જોતાં, જણાય આવે છે કે, વાદી બેચરલ ઓફ ફીઝીયોથેરાપીની ડિગ્રી ધરાવે છે.

(૮.૧) ઉપરોકત હકીકત તથા પુરાવાને ધ્યાને રાખી આંક–૩૨ વાળી વાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો, પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં વાદીએ જણાવેલ છે કે, તેઓ ફીઝીયોથેરાપીસ્ટ છે, તેઓ ફીઝીયોથેરાપીસ્ટ તરીકેની પ્રેકટીસ પહેલા ઉપલેટા કરતા હતા. ફીઝીયોથેરાપીસ્ટ તરીકેની પ્રેકટીસ છેલ્લા સાતથી આઠ વર્ષથી બંધ કરી દીધેલ છે, હાલ પી.વી.સી. પાઈપનુ કારખાનુ ચલાવે છે.

(૮.૨) વધુમાં, આંક–૯૦ વાળી સાહેદ પરેશભાઇની જુબાની ધ્યાને લેવામાં આવે તો, જેમાં પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં સાહેદે જણાવેલ છે કે, ઓમ ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી સને ૨૦૧૧ માં અસ્તીત્વમાં આવેલ છે, ઓમ ભાગીદારી પેઢીનો ભાગીદારી

દસ્તાવેજ નોટરાઈઝ થયેલો છે, બાદ જણાવેલ છે કે, ઓમ ડેવલોપર્સનુ પાર્ટનરશીપ ડીડ નોટરાઈઝ છે કે કેમ તે હાલ તેઓને યાદ નથી, ઓમ ડેવલોપર્સના નામની ભાગીદારી પેઢીનો ભાગીદારી દસ્તાવેજ તૈયાર કરી સહી કરતા સમયે પરેશ રાજશીભાઇ હુંબલ, રાજશીભાઈ રૂડાભાઈ હુંબલ, ગોવિંદભાઈ રૂડાભાઈ હુંબલ, જયંતીભાઈ ગજેરા, મિતેશભાઈ ગજેરા હાજર હતા, મિતેશભાઈ ગજેરા તેઓની સાથે બાંધકામનું કામકાજ કરતા હતા, હાલ ઓમ ડેવલોપર્સમાં તેઓ ભાગીદાર તરીકે ચાલુ છે, હાલ મિતેશભાઇ ગજેરા પી.વી.સી. પાઇપ બનાવે છે. આમ, વાદી તથા સદર સાહેદની ઉલટ તપાસમાં પ્રતિવાદી તરફે દાવાની હકીકતથી કોઇ મહત્વની વિપરીત હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તથા ભાગીદારી પેઢી અનરજીસ્ટર્ડ હોવાથી કે ભાગીદારી દસ્તાવેજ નોટરાઇઝડ ન હોવા માત્રથી ભાગીદારી પેઢી અસ્તિત્વ જ ધરાવતી નથી તેવી કોઇ હકીકત રેકર્ડ પર આવતી નથી. જો કે, વાદીએ પોતે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, તેઓ પહેલા ફિઝીયોથેરાપીસ્ટ તરીકે પ્રેકટીસ કરતા હતા, પરંતુ, છેલ્લા સાત આઠ વર્ષથી ફિઝીયોથેરાપીસ્ટ તરીકેની પ્રેકટીસ તેઓએ બંધ કરી દીધેલ છે. આથી, રેકર્ડ પર રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી વાદી "ઓમ ડેવલોપર્સ"ના ભાગીદાર હોવાનુ તથા બંસીધર ટ્રેકટરના નામે ટ્રેકટર એજન્સી ધરાવતા હોવાનુ સાબીત થાય છે, પરંતુ, તેઓ દાવો દાખલ કરતા સમયે ફિઝીયોથેરાપીસ્ટ તરીકે પ્રેકટીસ કરતા હોય તેમ સાબીત થતુ નથી. આથી, વાદી મુદ્દા નં.૧ તેઓની તરફેણમાં અંશતઃપણે સાબીત કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં.૧ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.

**<u>//મુદ્દા નં.૨//</u>**

(૯) સદરહુ કામે મુદ્દા નં.૨ સાબીત કરવાની જવાબદારી વાદીપક્ષ પર રહેલી છે. જે સાબીત કરવા માટે વાદીપક્ષ દ્વારા આંક-૩૨ થી વાદીની જુબાની તથા આંક-૮૬ થી બેન્ક સાહેદ શ્રી આશીષ

નલીનભાઇ જોષી, તથા આંક–૮૭ થી બેન્ક સાહેદ કુશ દિપકભાઇ દાવડા, તથા આંક–૮૮ થી સાહેદ ગોપાલદાસ રવજીભાઇ વેકરીયાની જુબાની રજુ થયેલ છે. વાદીએ તેઓની સરતપાસમાં દાવા અરજીમાં જણાવેલ હકીકત મુજબની હકીકત જણાવેલ છે. તથા પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં વાદીએ એ હકીકત જણાવેલ છે કે, દાવામાં જણાવેલ કહેવાતી રકમ તેઓએ ડાયાલાલ દામજી પેઢીને આપેલ, તેઓને આર્થિક વ્યવહાર ભાગીદારો તથા પેઢી સાથે હતો, કહેવાતી રકમ તેઓએ કટકે કટકે આપેલ, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વ્યવહાર ચાલુ હતો, સૌથી પહેલી રકમ કયારે આપેલ તેની ચોકકસ તારીખ તેઓને યાદ નથી, પરંતુ સને ૨૦૧૮–૧૯ માં આપેલ હશે, હાથ ઉછીની આપેલ હોય તેવુ કોઈ લખાણ કરેલ નથી. આમ, વાદી ઉલટ તપાસમાં પણ દાવા અરજીની હકીકતોને વળગી રહે છે તથા તેનાથી કોઇ વિપરીત હકીકત રેકર્ડ પર આવતી નથી.

(૯.૧) તદુપરાંત, આંક–૮૬ થી નોંધાયેલ બેન્ક સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો, સરતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને આંક ૭૧ તથા આંક ૭૨ તથા આંક ૭૩ ના બેંકના સ્ટેટમેન્ટ બતાવવામાં આવે છે જે જોઇને જણાવે છે કે, તે સ્ટેટમેન્ટ ગજેરા મીતેષભાઇ જયંતીલાલના બેંક ખાતાના છે, તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ મીતેષભાઇ જયંતીલાલ ગજેરાના ખાતામાંથી ડાયાલાલ દામજી એન્ડ કં. ના ખાતામાં રૂ.૪,૦૦,૦૦૦/– પુરાની રકમ નેટબેંકીંગથી જમા થયેલ છે, તેમજ તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજ મીતેષભાઈ જયંતીલાલના ખાતામાંથી રૂ.૫,૦૦,૦૦૦/– પુરાની રકમ ડાયાલાલ દામજી એન્ડ કું. ના ખાતામાં મોબાઇલ બેંકીંગ સીસ્ટમથી જમા થયેલ છે, તેમજ તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ મીતેષભાઇ જયંતીલાલના ખાતામાં રૂ.૭૫,૦૦૦/– પુરાની રકમ ડાયાલાલ દામજી એન્ડ કં. ના ખાતામાંથી એન.ઇ.એફ.ટી. થી જમા થયેલ છે, તેમજ તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ મીતેષભાઈ જયંતીલાલ ના ખાતામાં રૂ.૨,૦૦,૦૦૦/– પુરાની રકમ ડાયાલાલ દામજી એન્ડ

કં. ના ખાતામાંથી જમા થયેલ છે, તેમજ તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ મીતેષભાઇ જયંતીલાલના ખાતામાંથી રૂ.૨,૫૦,૦૦૦/- પુરાની રકમ ડાયાલાલ દામજી એન્ડ કં. ના ખાતામાં જમા થયેલ છે. તથા પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, બેંક સ્ટેટમેન્ટમાં દર્શાવેલી રકમો વાદી દ્વારા હાથ ઉછીના પેટે કે અન્ય કોઇ વ્યવહાર પેટે આપવામાં આવેલ છે કે કેમ તે તેઓ કહી શકે નહી, આંક-૭૨ વાળા સ્ટેટમેન્ટમાં તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી દ્વારા આ કામના વાદીના ખાતામાં રૂ.૧૦,૦૦૦/- જમા કરાવેલ છે, આંક-૭૨ વાળા સ્ટેટમેન્ટમાં તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ રકમ રૂ.૨,૫૦,૦૦૦/- જમા કરાવેલ છે તે ડાયાલાલ એન્ડ કં. માં જમા કરાવેલ હોય તે તેઓ કહી શકે નહી.

(૯.૨) આમ, સદર સાહેદની જુબાની પરથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ વાદી દ્વારા પ્રતિવાદીના બેન્ક એકાઉન્ટમાં રૂ.૪,૦૦,૦૦૦/- ની રકમ, તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજ રૂ.૫,૦૦,૦૦૦/- ની રકમ તથા તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ રૂ.૨,૫૦,૦૦૦/- ની રકમ ટ્રાન્સફર કરવામાં આવેલ છે. તથા પ્રતિવાદી દ્વારા તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૭૫,૦૦૦/-, તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ રૂ.૨,૦૦,૦૦૦/-, તથા તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૧૦,૦૦૦/- ની રકમ વાદીના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે.

(૯.૩) તદુપરાંત, આંક-૮૭ થી નોંધાયેલ બેન્ક સાહેદની જુબાની ધ્યાને લેવામાં આવે તો, સરતપાસમાં તેઓએ જણાવેલ છે કે, તેઓની બેંકમાં આ કામના પ્રતિવાદી ડાયાલાલ દામજી એન્ડ કં. નામની પેઢીનુ બેંક ખાતુ આવેલ છે, જેના ખાતા નં.૫૧૦૧૦૧૦૦૭૧૬૯૨૪ છે, તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ એન.ઇ.એફ.ટી. દ્વારા રૂ.૨,૫૦,૦૦૦/- પુરાની રકમ ડાયાલાલ દામજી એન્ડ કું. ના ખાતામાં મિતેશ ગજેરાના ખાતામાંથી રકમ જમા

થયેલ છે. તથા પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલ છે કે, તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજની રૂ.૨,૫૦,૦૦૦/- ની એન્ટ્રી હાથ ઉછીના પેટે છે કે કેમ તે તેઓ કહી શકે નહી.

(૯.૪) આમ, આંક-૮૬ તથા આંક-૮૭ વાળી જુબાની એકસાથે વંચાણે લેતાં, વાદીના એકસીસ બેન્કના એકાઉન્ટમાંથી તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ વાદી દ્ધારા પ્રતિવાદીના બેન્ક એકાઉન્ટમાં રૂ.૪,૦૦,૦૦૦/- ની રકમ, તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજ રૂ.૫,૦૦,૦૦૦/- ની રકમ તથા તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ રૂ.૨,૫૦,૦૦૦/- ની રકમ જમા થયેલ છે. તથા પ્રતિવાદી દ્ધારા તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૭૫,૦૦૦/-, તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ રૂ.૨,૦૦,૦૦૦/-, તથા તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૧૦,૦૦૦/- ની રકમ વાદીના એકાઉન્ટમાં જમા થયેલ છે.

(૯.૫) આમ, વાદી તથા ઉપરોકત બન્ને બેન્ક સાહેદોની ઉલટ તપાસમાં પ્રતિવાદીપક્ષ દાવા અરજીથી વિપરીત એવી કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી. તથા વાદીના ઉપરોકત મૌખિક પુરાવાના અનુસંધાને આંક-૭૧, ૭૨ થી રજુ થયેલ વાદીના એકસીસ બેન્કના બેન્ક એકાઉન્ટ નં.૯૧૬૦૧૦૦૬૪૦૬૬૯૧૭ ના , તથા આંક-૮૯ થી રજુ થયેલ પ્રતિવાદીના યુનીયન બેન્ક ઓફ ઇન્ડિયાના બેન્ક એકાઉન્ટ નં.૫૧૦૧૦૧૦૦૭૧૭૬૯૨૪/INR ના સ્ટેટમેન્ટ વંચાણે લેતાં તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ રૂ.૪,૦૦,૦૦૦/-, તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજ રૂ.૫,૦૦,૦૦૦/- તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ રૂ. ૨,૫૦,૦૦૦/- ની રકમ ડાયાલાલ દામજી એન્ડ કં. તથા Dayalal/Corpora/na ના એકાઉન્ટમાં જમા થયેલ હોવાનુ જણાય છે. તથા તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૧૦,૦૦૦/-, તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૭૫,૦૦૦/-,તથા તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ રૂ.૨,૦૦,૦૦૦/- ની રકમ

ડાયાલાલ દામજી એન્ડ કં. દ્વારા વાદીના બેન્ક એકાઉન્ટમાં જમા થયેલ હોવાનુ ફલીત થાય છે. આમ, તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજથી તા.૧૧/૦૨/૨૦૨૧ દરમ્યાનના સમયગાળામાં રૂ.૧૧,૫૦,૦૦૦/- ની રકમ વાદી દ્વારા પ્રતિવાદીના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ હોવાનુ તથા રૂ.૨,૮૫,૦૦૦/- ની રકમ પ્રતિવાદી દ્વારા વાદીના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થયેલ હોવાનુ ફલીત થાય છે. વધુમાં, જયારે બેન્ક સ્ટેટમેન્ટ દ્વારા તથા બેન્ક સાહેદના મૌખિક પુરાવા દ્વારા દાવા અરજીમાં જણાવ્યા મુજબના બેન્ક ટ્રાન્ઝેકશન પુરવાર થાય છે ત્યારે માત્ર વાદી તથા પ્રતિવાદી વચ્ચે હાથ ઉછીની રકમ આપ્યા બાબતે કોઇ લેખીત કરાર થયેલ નથી તે હકીકત ધ્યાને રાખી એમ માની ન શકાય કે, વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ પ્રતિવાદીને હાથ ઉછીની આપેલ જ નથી.

(૯.૬) વધુમાં, વાદી તરફે આંક-૮૮ થી સાહેદ ગોપાલદાસ રવજીભાઇ વેકરીયાનાઓને સોગંદ પર તપાસવામાં આવેલા છે. જેમાં તેઓએ સરતપાસના સોંગદનામામાં એવી હકીકત જણાવેલ છે કે, તેઓ ઉપલેટા મુકામે સેલ ટેક્ષ અને ઈન્કમ ટેક્ષના એડવોકેટ તરીકેની પ્રેકટીસ કરે છે અને આ કામના પક્ષકારોને ઓળખે છે, તેઓ વાદી મીતેષભાઈ જયંતીલાલ ગજેરાના ઈન્કમ ટેક્ષ અંગેની કામગીરી કરે છે અને અત્યારે પણ તે અંગેની કામગીરી કરે છે, આ કામના વાદી મીતેષભાઈ જયંતીલાલ ગજેરાના હિસાબ કિતાબ તેમજ તેમના બેંક ખાતાના સ્ટેટમેન્ટ જોઈ તપાસીને ઈન્કમ ટેક્ષના રીટર્ન ભરવા સુધીની કામગીરી તેઓએ કરેલ છે અને હાલ પણ તેઓના હસ્તક છે, તેઓએ વાદી મીતેષભાઈ જયંતીલાલ ગજેરાના તેમના તરફથી આપવામાં આવેલ તેમના બેંક ખાતાના સ્ટેટમેન્ટ તથા તેમના તરફથી આપવામાં આવેલ જરૂરી માહિતી જોઈ તપાસીને તેઓએ તેમના વર્ષ: ૨૦૨૦-૨૧ તથા વર્ષઃ ૨૦૨૧-૨૨ તથા વર્ષ: ૨૦૨૨-૨૩ ઈન્કમ ટેક્ષના રીટર્ન તૈયાર કરેલ છે અને તે પ્રમાણે

ઈન્કમ ટેક્ષના રીટર્નની તમામ કામગીરી તેઓએ કરેલ છે. તથા પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે, મીતેષભાઈએ તેઓને જે માહિતી પુરી પાડી તેના આધારે તેઓએ રિટર્ન ભરેલ છે, મીતેષભાઈએ કોઈ પણ વ્યકિતને હાથ ઉછીની રકમ આપેલી હોય તે બાબતની તેઓને અંગત જ્ઞાન નથી, તેઓએ જણાવેલ છે કે, આ કામના વાદી દ્વારા રજુ કરવામાં આવેલ બેલેન્સ શીટ જોઈને કહે છે કે તેમાં પ્રતિવાદીને રકમ હાથ ઉછીની આપેલ હોય તેવો ઉલ્લેખ કરેલ નથી. સદર સાહેદની જુબાની પરથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, વાદી દ્વારા સબજેક્ટ યર્સની બેલેન્સ શીટમાં પ્રતિવાદીને દાવા અરજીમાં જણાવ્યા મુજબની રકમ હાથ ઉછીની આપેલ હોય તેવો કોઈ ઉલ્લેખ નથી.

(૯.૭) પરંતુ, જયારે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદીના ઉપરોકત એકસીસ બેન્ક એકાઉન્ટની જે તે તારીખની ડેબીટ એન્ટ્રીઝ તથા પ્રતિવાદીના ઉપરોકત યુનીયન બેન્ક ઓફ ઈન્ડિયાના બેન્ક એકાઉન્ટની જે તે તારીખની ક્રેડીટની એન્ટ્રીઝ જોતાં સદર એન્ટ્રીઝ મેચ થાય છે, આમ, સદર રકમ એટલે કે રૂ.૧૧,૫૦,૦૦૦/- વાદી દ્વારા પ્રતિવાદીને આપેલ હોવાનુ પુરવાર થાય છે. તથા પ્રતિવાદીએ રૂ.૨,૮૫,૦૦૦/- ની રકમ વાદીના બેન્ક એકાઉન્ટમાં જમા કરેલ હોવાની હકીકત રેકર્ડ પર આવે છે. તથા જયારે વાદી તથા પ્રતિવાદી મિત્રતાનો સંબંધ ધરાવતા હોય ત્યારે ઉપરોકત રકમ વાદી દ્વારા પ્રતિવાદીને હાથ ઉછીની આપી હોવાનુ માની શકાય. વધુમાં, વાદી તરફે નામ.સુપ્રીમ કોર્ટના જે ઉપર જણાવ્યા મુજબના ચુકાદા પર આધાર રાખવામા આવેલ છે તે ચુકાદો કે જે મુખ્યત્વે તે અંગે છે કે, જયારે પ્રતિવાદી એમ સ્વીકારે કે, વાદી દ્વારા તેઓને કોઈ રકમ આપવામાં આવી હતી ત્યારે એમ પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી પર ખસે છે કે, સદર પેમેન્ટનો નેચર ગ્રેટ્યુઅટ્સ હતો અથવા પ્રતિવાદી અને વાદી વચ્ચે એકાઉન્ટ સેટલ થઈ ગયેલ છે. આમ, હાલના કેસની હકીકત તથા સંજોગો ધ્યાને લેતાં સદર ઓથોરીટી

વાદીના કેસને મદદરૂપ થતી હોવાનુ જણાય છે. વધુમાં, પ્રતિવાદી દ્વારા નામ.ઓડીશા હાઈકોર્ટ, નામ.કોલકતા હાઈકોર્ટ, નામ.દિલ્હી હાઈકોર્ટ તથા નામ.ડિ.આર.ટી., તથા નામ. ત્રિપુરા હાઈકોર્ટના જે ચુકાદાઓ પર આધાર રાખવામાં આવેલ છે તે ચુકાદાની હકીકત તથા સંજોગો તથા હાલના કેસની હકીકતો અને સંજોગો બન્ને ભિન્ન હોવાથી સદર ચુકાદા, વિથ ડ્યુ રિસ્પેક્ટ, હાલના કેસમાં સ્કેવર્લી એપ્લાઇ થઇ શકે તેમ નહી હોવાનુ અત્રેની અદાલતનુ નમ્રપણે માનવુ છે. વધુમાં, વાદીની દાવા અરજીમાં તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ પ્રતિવાદી દ્વારા વાદીના બેન્ક એકાઉન્ટમાં રૂ.૧૦,૦૦૦/– ની રકમ જમા કરવામાં આવેલ હોવાની હકીકતનો ઉલ્લેખ નથી, જયારે કે, સદર હકીકત રેકર્ડ પરના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા પરથી પ્રસ્થાપિત થયેલ છે. તથા વાદીએ પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં સ્વીકારેલ છે કે, તેઓને આંક ૭૨ વાળુ બેંક સ્ટેટમેન્ટ બતાવવામાં આવે છે જે જોઈને જણાવે છે કે, આ કામના પ્રતિવાદી ડાયાલાલ દામજી પેઢીએ તેઓના ખાતામાં તા. ૦૪/૦૪/૨૦૨૦ ના રોજ રૂા. ૧૦,૦૦૦/– તથા તા. ૦૬/૦૪/૨૦૨૦ ના રોજ રૂા. ૭૫,૦૦૦/– જમા કરાવેલ છે, તેઓ એ હકીકત સ્વીકારે છે કે, આ રૂા. ૧૦,૦૦૦/– તા. ૦૪/૦૪/૨૦૨૦ ના રોજ જમા કરાવેલ છે તેવી કોઈ વિગત દાવા અરજી તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ નથી, કોર્ટ પાસે કોઈ દાદ મેળવવા આવીએ ત્યારે ચોખ્ખા હાથે આવવુ જોઈએ. આમ, ઉપરોકત હકીકત તથા રેકર્ડ પરના પુરાવા ધ્યાને લેતાં, વાદીને પ્રતિવાદી પાસેથી રૂ.૮,૭૫,૦૦૦/– નહિ પરંતુ, રૂ.૮,૬૫,૦૦૦/– ની રકમ હાથ ઉછીની આપેલ હોય તથા તે પરત લેવાની નીકળતી હોય તેવી હકીકત રેકર્ડ પર પુરવાર થાય છે. આથી, વાદી મુદ્દા નં.૨ પોતાની તરફેણમાં સાબીત કરવામાં અંશતઃ સફળ રહેલ હોય મુદ્દા નં.૨ નો જવાબ અંશતઃ હકારમાં આપવામાં આવે છે.

**//મુદ્દા નં.3//**

(૧૦) સદરહુ કામે મુદ્દા નં.૩ સાબીત કરવાની જવાબદારી વાદીપક્ષ પર રહેલી છે. જે અનુસંધાને આંક–૩૨ વાળી વાદીની જુબાની ધ્યાને લેવામાં આવે તો, વાદીએ સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે કે, તેઓએ તા.૨૩/૧૨/૨૦૨૨ ના રોજ પ્રતિવાદીને લીગલ ડિમાન્ડ નોટીસ મોકલેલ. આ અનુસંધાને આંક–૩૮ થી આંક–૭૦ સુધી રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, જે મુખ્યત્વે પ્રતિવાદીઓને મોકલેલ નોટીસની સ્થળપત્ર, નોટીસ રજી.એડી. કર્યાની પહોંચ, નોટીસ બજી ગયાની એકનોલેજમેન્ટ સ્લીપ, પ્રતિવાદીઓ પૈકી કન્સર્ન્ડ પ્રતિવાદીને મોકલેલ નોટીસના પરત ફરેલ બંધ કવર, પ્રતિવાદીઓની ભાગીદારી પેઢીના ઓફીસ ગોડાઉનના સરનામે મોકલેલ નોટીસની ઓફીસકોપી, તથા નોટીસ રજી.એડી. કર્યા પહોંચ, મોકલેલ રજી.એડી.કર્યાનુ નોટીસનુ બંધ કવર; ડાયાલાલ દેવજીભાઇ ગજેરા, જયસુખભાઇ ડાયાભાઇ ગજેરા, ડાયાલાલ દામજી એન્ડ કંપનીના મહેતાજી વહીવટકર્તા વિજય કેશવાણી હોતચંદાણી, ડાયાલાલ દામજી એન્ડ કંપનીના મહેતાજી વહીવટકર્તા ભાર્ગવ વ્યાસનાઓને વોટ્સએપથી મોકલેલ નોટીસની ઓફીસકોપી અને તે નોટીસ જોઇ લીધા અંગેના વોટ્સએપના સ્ક્રીનશોટ, પ્રતિવાદીઓએ નોટીસની પી.ડી.એફ. ફાઇલ જોઇ લીધા અંગેના વોટ્સએપના સ્ક્રીનશોટ, તે તમામ ધ્યાને લેતાં પ્રતિવાદીઓને નોટીસ બજી ગયેલ હોવાનુ ફલીત થાય છે. તથા વાદીની પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં પણ પ્રતિવાદીપક્ષ એવી કોઇ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે, તેઓને દાવા અરજીમાં જણાવ્યા મુજબની હાથ ઉછીની લેણી રકમ વાદીને નુકશાનીના વ્યાજ સહીત પરત કરવા અંગેની લીગલ ડિમાન્ડ નોટીસ ન બજેલ હોય. આમ, વાદી મુદ્દા નં.૩ પોતાની તરફેણમાં સાબીત કરવામાં સફળ રહેલ હોય મુદ્દા નં.૩ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**//મુદ્દા નં.૪//**

(૧૧) સદર મુદ્દો સાબીત કરવાની જવાબદારી પ્રતિવાદી પક્ષ પર રહેલી છે. આ અનુસંધાને જોવામાં આવે તો, પ્રતિવાદીએ તેઓના વાંધા જવાબમાં બચાવ લીધેલ છે કે, તા.૧૬/૦૪/૨૦૧૮ તથા તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજના કહેવાતા બેન્ક ટ્રાન્ઝેકશન અન્વયે જો વાદીએ પ્રતિવાદીને ખરેખર હાથ ઉછીની રકમ પેટે અનુક્રમે રૂ.૪,૦૦,૦૦૦/- તથા રૂ.૫,૦૦,૦૦૦/- આપેલ હોય તો આવી રકમ પરત મેળવવા માટેનો દાવો લીમીટેશન એકટ આર્ટીકલ ૧૯ મુજબ સને ૨૦૨૧ સુધીમાં એટલે કે, કહેવાતી રકમ આપ્યાના ત્રણ વર્ષની અંદર ફાઇલ કરી દેવો પડે. જયારે કે, હાલનો દાવો તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ હોય હાલનુ કહેવાતુ લેણું મુદત બહારનુ લેણું છે. તે અનુસંધાને વાદીની આંક-૩૨ વાળી જુબાની ધ્યાને લેવામાં આવે તો, વાદીએ પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં એવી હકીકત જણાવેલ છે કે, કહેવાતી રકમ તેઓએ કટકે કટકે આપેલ, સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે વ્યવહાર ચાલુ હતો, સૌથી પહેલી રકમ કયારે આપેલ તેની ચોકકસ તારીખ તેઓને યાદ નથી, પરંતુ સને ૨૦૧૮-૧૯ મા આપેલ હશે, હાથ ઉછીની આપેલ હોય તેવુ કોઈ લખાણ કરેલ નથી, રેગ્યુલર દિવાની કેસ નંબર ૩/૨૦૨૩ તથા ૪/૨૦૨૩ તથા ૫/૨૦૨૩ તથા ૬/૨૦૨૩ સીવાય અન્ય કોઈ કેસ ચાલુ નથી; તથા વાદીએ એ હકીકત સ્વીકારેલ છે કે, દાવાવાળી રકમની માંગણી કરતી કોઈ લેખીત નોટીસ સને ૨૦૨૦ સુધી પ્રતિવાદીને આપેલ નથી, ત્યાર પછી લેખીત જાણ કરેલ નથી, સાહેદે સ્વેચ્છાએ જણાવેલ છે કે, મૌખીક જાણ કરેલ, આવી મૌખીક જાણ જયસુખભાઈ તથા ડાયાભાઈને કરેલ, એ કયારે કરેલ તેની ચોકકસ તારીખ કહી શકે નહી. આમ, ઉપરોકત જુબાની પરથી એવી હકીકત રેકર્ડ પર સ્પષ્ટ થાય છે કે, સને ૨૦૨૦ સુધી વાદીએ દાવા વાળી રકમની માંગણી કરતી કોઇ લેખીત નોટીસ પ્રતિવાદીને આપેલ નથી.

(૧૧.૧) આ અનુસંધાને, રેકર્ડ પરની એ હકીકત ધ્યાને લેવી જરૂરી છે કે, તા.૦૪/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૧૦,૦૦૦/–, તા.૦૬/૦૪/૨૦૨૦ ના રોજ રૂ.૭૫,૦૦૦/– તથા તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ રૂ.૨,૦૦,૦૦૦/– પ્રતિવાદી દ્વારા વાદીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવેલ છે, તથા તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ વાદી દ્વારા રૂ.૨,૫૦,૦૦૦/– ની રકમ પ્રતિવાદીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવેલ છે. તથા વાદીએ તેઓની પ્રતિવાદી તરફેની ઉલટ તપાસમાં ઉપરોકત જણાવ્યા મુજબ એ હકીકત જણાવેલ છે કે, કહેવાતી રકમ કટકે કટકે આપેલી, તથા સ્વેચ્છાએ જણાવેલ છે કે, વ્યવહાર ચાલુ હતો. આથી, આ સંદર્ભે વાદી તરફે વિ.વકિલશ્રીની રજુઆત મુજબ લીમીટેશન એકટની કલમ ૧૯ ધ્યાને લેવી અનિવાર્ય છે. જે નીચે મુજબ રીપ્રોડ્યુઝ કરવામાં આવેલ છે.

*"19. Effect of payment on account of debt or of interest on legacy.—*

*Where payment on account of a debt or of interest on a legacy is made before the expiration of the prescribed period by the person liable to pay the debt or legacy or by his agent duly authorised in this behalf, a fresh period of limitation shall be computed from the time when the payment was made:*

*Provided that, save in the case of payment of interest made before the 1st day of January, 1928, an acknowledgment of the payment appears in the handwriting of, or in a writing signed by, the person making the payment.*

*Explanation.—For the purposes of this section,— (a)where mortgaged land is in the possession of the*

*mortgagee, the receipt of the rent or produce of such land shall be deemed to be a payment;*

*(b)"debt" does not include money payable under a decree or order of a court."*

**(૧૧.૨)** આમ, ઉપરોકત જોગવાઇ મુજબ જો મૂળ મર્યાદા અવધિ સમાપ્ત થાય તે પહેલાં દેવા અથવા લેગસી પરના વ્યાજની આંશિક ચુકવણી કરવામાં આવે છે, તો તે ચુકવણીની તારીખથી મર્યાદાનો નવો સમયગાળો શરૂ થાય છે, તથા ચુકવણી જવાબદાર વ્યક્તિ અથવા તેમના અધિકૃત એજન્ટ દ્વારા કરવી જોઈએ, અને લેખિતમાં સ્વીકાર કરવી જોઇએ.

**(૧૧.૩)** આમ, ઉપરોકત જોગવાઇ તથા રેકર્ડ પરની હકીકત તથા પુરાવાને ધ્યાને લેતાં, સૌપ્રથમ રૂ.૪,૦૦,૦૦૦/- ની રકમ તા.૧૬/૦૪/૨૦૧૮ ના રોજ અને ત્યાર બાદ તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજ રૂ.૫,૦૦,૦૦૦/- ની રકમ એટલે કે કુલ રૂ.૯,૦૦,૦૦૦/- ની રકમ વાદી દ્વારા પ્રતિવાદીના બેન્ક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવેલ છે, અને ત્યાર બાદ તે રકમના પાર્ટ પેમેન્ટ તરીકે તા.૦૪/૦૪/૨૦૨૦, તા.૦૬/૦૪/૨૦૨૦, તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજ અનુક્રમે રૂ.૧૦,૦૦૦/-, રૂ.૭૫,૦૦૦/-, તથા રૂ.૨,૦૦,૦૦૦/- ની રકમ પ્રતિંવાદી દ્વારા વાદીના એકાઉન્ટમા જમા કરાવવામાં આવેલ છે એટલે કે, પરત કરવામાં આવેલ છે. આમ, સદર બેન્ક ટ્રાન્ઝેકશન પરથી એવી હકીકત રેકર્ડ પર આવે છે કે, ઉપરોકત કુલ રૂ.૨,૮૫,૦૦૦/- ની રકમ પ્રતિવાદીએ વાદીને રૂ. ૯,૦૦,૦૦૦/- પૈકીની પરત કરેલ હોવાનુ જણાય છે. આમ, સેકશન ૧૯ મુજબ ફ્રેશ પીરીયડ ઓફ લીમીટેશન તા.૧૦/૦૮/૨૦૨૦ ના રોજથી શરૂ થયેલ હોય તેમ અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે. તથા તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ રૂ.૨,૫૦,૦૦૦/- ની રકમ વાદી દ્વારા પ્રતિવાદીના બેન્ક

એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવેલ છે. આથી, તમામ ટ્રાન્ઝેકશન એક કન્ટીન્યુસ વ્યવહાર હોય તેમ ફલીત થાય છે,તથા હાલનો દાવો તા.૧૪/૦૨/૨૦૨૩ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. આથી, પ્રતિવાદી તરફેની દલીલ કે હાલનુ કહેવાતુ દેવુ તે મુદત બહારનુ દેવુ છે, તે ગ્રાહ્ય રાખવા પાત્ર નથી. આમ, પ્રતિવાદી મુદ્દા નં.૪ ની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય મુદ્દા નં.૪ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>//મુદ્દા નં.૫//</u>**

**(૧૨)** આ કામે જોવામાં આવે તો વાદીએ પ્રતિવાદીઓ પાસે લેણા નીકળતાં મુદ્દલના રૂ.૮,૭૫,૦૦૦/- અંકે રૂપીયા આઠ લાખ પંચોતેર હજાર ઉપર વાર્ષિક ૧૮% લેખે તા.૦૪/૧૧/૨૦૨૧ થી તા.૦૪/૦૨/૨૦૨૩ સુધીના માસ ૧૫ ના વ્યાજની થતી રકમ રૂ.૧,૯૬,૮૭૫/- પુરા મળીને કુલ રૂ.૧૦,૭૧,૮૭૫/- પુરા આ દાવો દાખલ કર્યા તારીખથી વાર્ષિક ૧૮% ના ચડતા વ્યાજ સહીતની પ્રતિવાદીઓ પાસેથી મેળવવા માંગણી કરેલ છે. તે બાબતે જોવામાં આવે તો સી.પી.સી.ની કલમ ૩૪માં જોગવાઇ કરવામાં આવેલ છે કે, જ્યારે નાણા બાબતનુ હુકમનામુ કરવામાં આવેલ હોય ત્યારે જો તે બાબતે કરાર કરવામાં આવેલ હોય તો તે કરાર મુજબનુ વ્યાજ આપવુ જોઇએ, અને જો તે ઠરાવેલ ન હોય ત્યારે રાષ્ટ્રીયકૃત બેંક જે દરે નાણા ઉછીના આપતા હોય કે ધીરતી હોય તે દર કરતાં વધુ હોવો જોઈશે નહી. આમ, ઉપરોક્ત મુદ્દા નં. ૫ બાબતે વાદી રૂ.૮,૬૫,૦૦૦/- ની હાથ ઉછીની આપેલ રકમ મેળવવા માટે હક્કદાર હોવાનુ માનવામાં આવેલ છે, તે સંજોગોમાં દાવો દાખલ કર્યા બાદ થી તે રકમ લગત વ્યાજ મેળવવા પણ વાદી હક્કદાર હોવાનુ ગણી શકાય, અને આ કામે વાદી દ્વારા જે દસ્તાવેજો રજુ કરવામાં આવેલ છે તેમાં વાદી અને પ્રતિવાદીઓ વચ્ચેનો વ્યવહાર વગર વ્યાજનો હાથ ઉછીનો વ્યવહાર હોય, લેણી રકમ બાબતે કોઇ વ્યાજ નક્કી કરવામાં આવેલ ન હોય, તેથી રાષ્ટ્રીયકૃત બેંકના વ્યાજ

દર જેટલો વ્યાજદર વાદીને તેમની લેણી રકમ ઉપર આપવામાં આવે તો તે વ્યાજબી અને ન્યાયોચીત ગણી શકાય અને તે મુજબ વાર્ષિક ૧૦% વ્યાજ વાદીને લેણી રકમ ઉપર આપવામાં આવે તો તે વ્યાજબી ગણી શકાય. આથી મુદ્દા નં.૫ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

**//મુદ્દા નં.૬//**

**(૧૩)** આ કામે જોવામાં આવે તો વાદીએ પ્રતિવાદીઓ પાસે લેણા નીકળતાં મુદ્દલના રૂ.૮,૭૫,૦૦૦/- અંકે રૂપીયા આઠ લાખ પંચોતેર હજાર પુરા ઉપર વાર્ષિક ૧૮% લેખે તા.૦૪/૧૧/૨૦૨૧ થી તા.૦૪/૦૨/૨૦૨૩ સુધીના માસ ૧૫ ના વ્યાજની થતી રકમ રૂ.૧,૯૬,૮૭૫/- પુરા મળીને કુલ રૂ.૧૦,૭૧,૮૭૫/- પુરા તથા દાવાના તમામ ખર્ચ સહીત દાવો દાખલ કર્યા તારીખથી ૧૮%ના ચડતા વ્યાજે આ કામના પ્રતિવાદી નં.૧ રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૪ નાઓની હરેક પ્રકારની જાત તથા મીલ્કતમાંથી સંયુકત રીતે તેમજ વિભક્ત રીતે વાદીને ચુકવી આપે તેવુ હુકમનામુ કરી આપવા અરજ કરેલ છે, પરંતુ ઉપરોક્ત મુદ્દા નંબર ૨ તથા ૫ માં ચર્ચા કર્યા મુજબ વાદી તેમની લેણી રકમ રૂ.૮,૬૫,૦૦૦/- હોવાનુ સાબીત કરવામાં સફળ નીવડેલ છે અને તે રકમ ઉપર વાદી વાર્ષિક ૧૦% વ્યાજ મેળવવા હક્કદાર હોવાનુ જ્યારે માનવામાં આવેલ છે તેથી મુદ્દા નં.૬ નો જવાબ અંશતઃ હકારમાં આપી, મુદ્દા નં.૭ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**//આખરી હુકમ//**

- વાદીનો દાવો આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.
- આ કામના વાદી રૂ.૮,૬૫,૦૦૦/- (અંકે રૂપીયા આઠ લાખ પાંસઠ હજાર પુરા) ની લેણી રકમ આ કામના પ્રતિવાદી નં.૧ રજીસ્ટર્ડ ભાગીદારી પેઢી તથા તેના ભાગીદારો પ્રતિવાદી નં.૨/૧ થી ૨/૪

નાઓની હરેક પ્રકારની જાત તથા મીલ્કતમાંથી સંયુકત રીતે તેમજ વિભક્ત રીતે વાર્ષિક ૧૦ ટકાના વ્યાજ દરે દાવો દાખલ થયાની તારીખથી રકમ વસુલ ન થાય ત્યાં સુધી રકમ વસુલ મેળવવા હક્કદાર હોવાનુ ઠરાવવામાં આવે છે.

- પ્રતિવાદીઓએ વાદીના દાવાનો ખર્ચ ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.
- હુકમ મુજબ હુકમનામું દોરવું.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૩૦, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૩૦/૦૩/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
પ્રિન્સિપાલ સિવિલ જજ,
ઉપલેટા.
UIC-GJ01515.

Typed by:- A.J.Solanki,Gujarati Stenographer Grade-3.